# શૈક્ષણિક સંસ્કારમાં વિદ્યારંભ - ઉપનયન - સમાવર્તન તથા કેશાન્ત સંસ્કારનો સમાવેશ થાય છે, ગૃહસ્થાશ્રમમાં વાગ્દાન તથા વિવાહ અને અંત્યેષ્ઠા - સંસ્કાર આવે છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

● શૈક્ષણિક તથા ગૃહસ્થાશ્રમ - સંસ્કાર

શૈક્ષણિક સંસ્કારમાં વિદ્યારંભ - ઉપનયન - સમાવર્તન તથા કેશાન્ત સંસ્કારનો સમાવેશ થાય છે. ગૃહસ્થાશ્રમમાં વાગ્દાન તથા વિવાહ અને અંત્યેષ્ઠા - સંસ્કાર આવે છે. આમાં આજના આપણા જીવન સંબંધિત 'ઉપનયન' વિવાહ તથા અંત્યેષ્ટી થાય છે. અન્ય સંસ્કારો લુપ્ત થયા છે, તેના કારણે પણ જેમ કે -

સમાવર્તન - સંસ્કાર લુપ્ત થયા કારણ આ સંસ્કારમાં ગુરૂ આશ્રમ છોડી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં શિષ્યને ઉપદેશ આપતા. જેવા કે સત્ય બોલજે, ધર્મનું આચરણ કરજે. માતા-પિતા ગુરૂ ને જ્ઞાની સૌને દેવ માનજે. શ્રદ્ધાથી દાન કરજે. અમારા સદ્‌ગુણો તું લક્ષ્યમાં લેજે. અવગુણો નહીં. આજે શાળા કોલેજ છોડતાં વિદ્યાર્થી સાથે ગુરૂને આવો સંબંધ બંધાતો નથી કે જે સલાહ ઉપદેશ આપે. આ સંસ્કારનું એકમાત્ર ચિહન કૉલેજમાં અપાતું દિક્ષાંત પ્રવચન છે. તેમાં પણ ડિગ્રી લેવા આવનાર તથા પ્રવચન સાંભળનારની સંખ્યા અલ્પ હોય છે તો સામી બાજુ પ્રવચન આપનારની લાયકાતનું ધોરણ નિમ્ન સ્તરનું થયું જાય છે.

કેશાન્ત સંસ્કાર એ નાશ પામેલો બીજો સંસ્કાર છે. બ્રહ્મચારીનાં નિર્દેષક દાઢી મુછને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતા દૂર કરવામાં આવતા. દાઢી મૂછથી બ્રહ્મચારી ઓળખાતો પણ હવે શાળા કૉલેજમાં શોખ ખાતર દાઢી રખાય છે. બાકી સોળ વર્ષે દાઢી કરતાં જાય છે. તેથી આ સંસ્કારનો કોઈ અર્થ નથી. આ ઉપરાંત બ્રહ્મચારીએ મૃગચર્મ, મેખલા દંડ ને કમંડલ ધારણ કરવા પડતા જે આજના સમયમાં કોઈ વિદ્યાર્થી ધારણ ન કરે. જો કે આ વસ્તુઓની વારંવાર જરૂર તો પડે છે. પરિણામે તેમાં પરિવર્તન થયું છે. મૃગચર્મને બદલે વૉટર - જગ કે બોટલ રાખીએ છીએ. આ દર્શાવે છે ઋષિઓની દ્દષ્ટિ યોગ્ય જ હતી જ.

વિદ્યારંભ સંસ્કાર આછા પાતળા આવરણ સાથે ટકી રહ્યો છે. બાળકને શાળાએ બેસાડવો- એક એક અતિ મહત્વની બાબત છે. વ્યવસ્થિત જ્ઞાનપ્રાપ્તિનો આ માર્ગ છે. લગભગ દસમી સદી પછી આ પ્રથા અમલમાં આવી છે. તે સમય સુધીમાં આશ્રમ - કેળવણી તથા વિદ્યાપીઠોનું શિક્ષણ સમાપ્ત થઈ ચૂક્યું હતું. મૌર્ય તથા ગુપ્તકાળ દરમિયાન વ્યવસ્થિતપણે શિક્ષણ - સંસ્થાને ચાલતી - મુસલમાન યુગમાં તે વ્યવસ્થા પડી ભાંગી. અંગ્રેજોના શાસન દરમિયાન આજની આ પદ્ધતિ વ્યાપક બની. બાળકને પાંચ વર્ષ પુરા થાય પછી શાળામાં બેસાડાય તેવું નિશ્ચિત થયું.

શાળાએ બેસાડતા પહેલાં બાળક પાસે સરસ્વતી પૂજન ખાસ કરાવાતું. પિતા પ્રથમ 'શ્રી' લખી બાળક પાસે તે ઘુંટાવતો. ત્યારબાદ બાળકને શાળાએ લઈ જવામાં આવતાં. તે પ્રસંગ ઘરમેળે ઉજવાય છે. સમયનો કટાક્ષ એવો છે કે પહેલાં બટુક સમિધ લઈ ગુરૂ પાસે જતો, ગુરૂ સમીપે સમિધ મુકતો. ગુરૂ તેનું ગોત્ર - કુળ - માતા - પિતાના નામ આદિ પુછતા ને પછી શિષ્ય તરીકે સ્વીકારતા. આજે બટુકનો પિતા ડોનેશનની રકમ લઈ શાળાનાં આચાર્ય પાસે જાય છે ને બાળકને એકમિશન માટે વિનંતી કરે છે. કુળ - ગોત્ર કે જાતિ પુંછવામાં નથી આવતા. ડોનેશનની રકમ પુછાય છે. કોઈ આચાર્યના મુખે 'અસ્તુ' સાંભળી પિતાને હાશ થાય છે. પ્રવેશ મહોત્સવે આ સંસ્કારને સામાજિકકરણનું નામ આપ્યું છે. હવે સંસ્કાર-સ્વરૂપે ભાગ્યે જ ઉજવાય છે.

● ઉપનયન

ઉચ્ચ સંસ્કાર જીવન તથા ચરિત્ર ઘડતર માટે આ સંસ્કાર મહત્ત્વ ધરાવે છે. આ સંસ્કારથી જ દ્વિજતવની પ્રાપ્તિ થાય છે. આ સંસ્કારનો મુખ્ય હેતુ તો બાળકને ગુરૂના આશ્રમમાં લઈ જવો તે છે. આ સંસ્કારનો પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં લઈ જવો તે છે. અથર્વવેદ - ઉપનિષદ તથા અન્ય સ્મૃતિ ગ્રંથોમાં પણ આ સંસ્કાર પરત્વે વિશિષ્ટ માર્ગદર્શન અપાયું છે. ઉપનિષદ કાળમાં આચાર્ય અતિ મહત્ત્વના સંસ્કાર ગુરૂ માનતા. ગુરૂ પાસે અભ્યાસ કરતા શિષ્યે પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું પડતું અભ્યાસનો સમય ગાળો બારથી ૨૪ વર્ષનો ગણાતો. આજે આ સંસ્કાર બ્રાહ્મણોમાં જ થાય છે. વેદ-કાનીન સમાજમાં ત્રણો વર્ષોમાં આ સંસ્કાર થતા. તે માટે અનુક્રમે નવ - અગિયાર તથા તેર વર્ષની વય-મર્યાદા હતી. સોળ વર્ષ સુધી જો સંસ્કાર ન થાય તો તે વ્યક્તિ શુદ્ર જ ગણાતો અને તેને ધર્મકર્મમાં ભાગ લેવા ન દેતા.

વિધિ : આ સંસ્કાર માટે ઉત્તરાયણનો સમય - વસંતઋતુ તથા મહા-ફાગણ અને ચૈત્ર માસ શ્રેષ્ઠ મનાય છે. પ્રથમ કુમારના પિતાએ સંકલ્પ કરવાનો હોય છે. ત્યાર પછી એક હજાર ગાયત્રી મંત્રનો જાપ કરવો કે કરાવવો. ઉપનયન વિધિ માટે સફેદ વસ્ત્ર - મૃગચર્મ, મેખલા, દંડ તથા કમંડળ જેવા સાધો એકત્રીત કરવા. બ્રાહ્મણ માટે ખાખરાનો દંડ, ક્ષત્રિય માટે બિલીનો તથા વૈશ્ય માટે ઉમરડાનો દંડ જોઈએ. કાંસાની થાળી, અક્ષત - કંકુ ઈત્યાદિ દ્રવ્યો લેવાં ઉપનયન ધારણ કરનાર કુમારનું વચન કરાવવું. શીખાના વાળ રાખવા. મંડપ બાંધી તેમાં પીઠિકા કરવી અને આચાર્ય તથા માતા-પિતા તેન પર બેસે ત્યાર પછી કુમારને તેની સામે લાવવો. પીઠિકાને પાંચ પગથિયાં હોવા જરૂરી છે. કુમાર દરેક પગથિયે ચડી ગુરૂ તરફ આગળ વધે ત્યારે મંત્ર બોલાવાના હોય છે.

આચાર્ય કુમાર પાસે મંત્ર બોલાવે છે. તેમાં હું સત્ય બોલીશ. ઈત્યાદિ અર્થો હોય છે. ત્યાર પછી આચાર્ય યજ્ઞોપવિતને પવિત્ર કરતાં મંત્રો ભણી તે કુમારને ધારણ કરાવે છે. બ્રહ્મચારીને દંડ-કમંડળ, મેખલા ને મૃગચર્મ ધારણ કરાવે. હોમ હવન કરાવે તથા જમણાં કાનમાં ગાયત્રી મંત્ર કહે. પછી ભિક્ષા ગ્રહણ વિધિ હોય છે. આજકાલ ઉપનયન ઉત્સવ તરીકે ઉજવાય છે. બટુક યાત્રા કઢાય. ભીક્ષામાં વાસણ અપાય. પરંતુ મૂળમાં તો ભીક્ષામાં પાંચ મોદક અપાતા. જે આચાર્યને ધરવા પડતા આચાર્ય તેમાંથી થોડું લઈ બાકીના પાછા આવ્યે જમવા જણાવે. આ તમામ વિધિ રસેન્દ્રિય પર કાબુ મેળવવાનો હેતુ માટે કરાતો.

(ક્રમશઃ)

# સોનેરી તકદીર કી ટોપી...!! કોઇ ડાન્સ પે ચાન્સ માર લે...!!

## ડાન્સ ગુજરાત ડાન્સ... ગરબાથી ગંગનમ્ એ રોબોથી રોપ મલ્ખમમાં પ્રભાવ પાડી રહેલાં ગુજરાતી ડાન્સરોનાં થનગનાટથી ખૂલ્યો નવો એપિસોડ

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ડાન્સ એટલે સ્ટ્રેસ બસ્ટર. ગઇ કાલે જ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગીષ્મોત્સવમાં કૈલાશ ખેર આવીને ગાંધીનગરને નચાવીને ગયો...'તૌબા તૌબા રે તેરી સૂતર...' ઠેકો વાગે એટલે તમને નાચડા આવડે કે ના આવડે પગ તો આઘાપાછાં થવાં જ લાગે... આમ ડાન્સ કરવો સહેલો પણ છે અને અઘરો પણ... આજકાલ ડાન્સ ક્ષેત્રે કરિઅર બનાવવામાં પણ યંગસ્ટર્સ ઉત્સાહ બતાવવાં લાગ્યાં છે. દર વર્ષે ૨૯ એપ્રિલે ઉજવાતો ડાન્સ દિવસ નિમિત્તે આમ તો લખવું તું પણ થોડુંક મોડું પણ આ વિષય યુવાનોને લાગેવળગે છે એટલે કૈલાશ ખૈરના એનર્જી પરફોર્મન્સથી આકર્ષાઇ આપના માટે...



"વાહ, કયા કમાલ કા પરફોર્મન્સ દીયા હૈ આપને. ડાન્સ કરતે વક્ત આપકે ફૂટ સ્ટેપ્સ ઔર ચહેરે કે એક્સપ્રેશન કલામ કે થે, માર હી ડાલા, ઇસ કે લીયે તો સ્ટેન્ડીંગ ઓવેશન હોના ચાહીએ..."

"આ ગીત પર તમે જે ડ્રાન્સ કર્યો તે એમાં રિધમ ઓછી હતી. તમારા ચહેરા પરનાં હાવભાવ એકદમ શુષ્ક હતા. ગીતને મેચ થાય એવાંય નહોતા... તમે ડાન્સ તો સરસ કરતાં હતા પણ એમાં ડિવોશન નહોતું એટલે બહુ જામ્યું નહીં."

એક વિશિષ્ટ ટાઇમ સ્લોટમાં ટી.વી. ચાલુ કરો એટલે દસમાંથી ચાર ચેનલ પર આવા ડાયલોગ્સ આપણે સાંભળવા મળે. આપણે ૫-૧૦ મિનિટ જોયા કરીએ, ટીવી સ્કિન પર પરિક્ષક તરીકે દેખાતા ચહેરા ઓળખીયાં જ હોય છે. એમાં કોક મહાગુરૂ, તો કોક માસ્ટરજી. કોઇ ગુરૂજી તો કોઇ દેવીમાં અને ચેનલવાળા ગુરૂઘંટાલો... ચેનલ અનેક માત્ર કાર્યક્રમની થીમ એક જ અને એ એટલે ડાન્સ... 'નચ બલીયે', 'ડાન્સ ઇન્ડિયા ડાન્સ', 'બુગી-વુગી', 'શબોજ... બસ ખાલી ચેનલોના લોગો જ અલગ પાડી બધ્ધું સરખું જ હોય...'



નૃત્ય અને માનવ સંસ્કૃતિનો બહુ પુરાતન સાંબંધ છે. પુરાણઓમાં જોઇએ તો દેવોના રાજા ઇન્દ્રના દરબારમાં રંભા - ઉર્વશી જેવી ઉચ્ચ કોટિની નૃત્યાંગનાઓ હતી. શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ સાથે રચેલી રાસલીલા પણ નૃત્યનો પ્રકાર હતી. મહાભારતના યુદ્ધ વખતે રણાંગણમાં યુદ્ધ કરીને થાકેલાં યોદ્ધાઓને આરામનો અહેસાસ થાય માટે નાચ-ગાનનો કાર્યક્રમ આયોજીત થતો... રાજા મહારાજાઓને ત્યાં તો ઉત્સવો વખતે નાચ-ગાનનો કાર્યક્રમ અવશ્ય થતો. નૃત્ય એ એક કલા છે અને એ કલામાં જે પારંગત હોય એને રાજાઓ રજવાડામાં આશ્રય આપતાં અને કલા અને કલાકારનું સન્માન કરી આર્થિક મદદ પુરી પાડતાં...

એમની પ્રગતિની કાળજી લેવાનો રાજધર્મ ગણાતો. આ કલાનું સન્માન કરાતો પણ આજના જમાનામાં ડાન્સરોને રાજાશ્રય મળે છે ખરો? કેટલાંક કલાકારોનાં જીવનમાં અંતિમ પડાવની કહાની અવારનવાર છાપે ચડતી હોય છે. કેટલાંય ડાન્સરો ઉંમર થતાં નિર્ધન અને ઓશિયાળી જીંદગી જીવે છે... વિશ્વભરમાં કુલ ૨૦૦ દેશ છે અને એમાંથી પચાસ ટકાથી વધુ દેશોમાં નૃત્યને કલાનો સન્માનનો દરજ્જો છે. પણ એમને સરકાર કે અન્ય સંસ્થા તરફી કોઇ ખાત્રીવાળો પુરસ્કાર - પેન્શન નથી. ડાન્સ શીખવવાનાં અનેક ખાનગી વર્ગો ચાલે છે, પણ એમાંથી વિશેષ શું હાંસલ થાય છે? પરિસ્થિતિ નાજૂક જ રહે છે કલાકારોની...

આપણા દેશમાં પણ પરિસ્થિતિ વધુ ઉત્સાહવર્ધક તો નથી જ. ડાન્સની સ્પર્ધાઓ વધી છે, સ્પર્ધકોની સંખ્યા વધી છે, ડાન્સ શિખવનારાઓની વર્ગોય ધુમ ચાલે છે, સ્પર્ધામાં વિજેતા થનારાને મળનારી ઇનામની રકમ પણ તગડી થઇ છે... પણ માત્ર સ્પર્ધા પતી ગઇ એટલે વિજેતા સ્પર્ધકોની પ્રસિદ્ધિનો જુવાળ ઘટતો જાય છે અને ટીવી શોની બીજી સીઝન શરૂ થતાં સુધીમાં પહેલાંના વિનર્સ જ ભૂલી જવાય ત્યાં ટોપ ટેન કે સ્પર્ધાનાં કલાકારો કેટલાં યાદ હશે? એતો વિચાર કરવાનો સ્પર્ધાના આયોજકોને પરિક્ષકોને કે પ્રેક્ષકોને સમય જ નથી હોતો..

હમણાં ગયાં મહિને અમદાવાદનાં એક મોલમમાં ડાન્સ ઇન્ડિયા ડાન્સનો નવી સિઝનનાં સિલેકશનની તૈયારી ચાલતી હતી... વાઇલ્ડ કાર્ડ એન્ટ્રીના એપિસોડનું શુટીંગ આ સિલેકશન પર આધારિત હતું. એક તરફ જજ ગીતા કપૂર અથવા તો ગીતામા રિસેપ્શનમાં સ્પર્ધકોને સૂચન આપતાં હતા, બીજી બાજુ બે નિર્ણાયકો રેમો ડિસુઝા અને ટેરેન્સ લેવિસ, ગ્રાન્ડ માસ્ટર મિથુન ચક્રવતી અને એન્કર જોડી જય-સૌમ્યા વેનીટી વેનમાં તૈયારીએ લાગ્યાં હતા... અમદાવાદનો હાર્દિક રાવલ, નીરવ બાવલેચા, લિપ્સા આચાર્યા, સુમીત બધાં તૈયારીમાં હતાં...

ડાન્સ કરવાનો ઉત્સાહ, ટીવી પર છવાઇ જવાની પેશન અને ઇનામો જીતવાની મહત્ત્વાકાંક્ષામાં રૂટીન કામો સાઇડ પર કરતાં જઓ વિજેતા થઇ ગયા તો ભયો ભયો અને નહીંતો ગાડી રિવર્સ ગીયરમાં ગયાનો ભારોભાર પસ્તાવો... અહીં વાત કોઇનાં મોરલને તોડવાની નથી. પણ જો માત્ર ડેન્સને કરિયર બનાવવાનું હોય અને જો ફિલ્મ, સિરીયલમાં કે કોઇ ડાન્સ ગ્રુપમાં કામ મળ્યું તો બહુ સરસ, પણ પછી, ઢળતી ઉંમરનું શું? એ જરૂર વિચારી લેવું વધુ મહત્ત્વનું છે. જો છોકરીઓ હોય તો તો એમની કારકિર્દી તો પાંચ-સાત વર્ષમાં જ સમેટાઇ જાય? ડાન્સ શો માં જજ તરીકે કેટલાંને તક મળે?

આંતરરાષ્ટ્રીય થિયેટર સંસ્થા એ સાંયુક્ત રાષ્ટ્ર શિક્ષાણ, સામાજિક, સાંસ્કૃતિક સંઘટના એટલે કે યુનેસ્કો ભાગીદાર એવી સ્વયંસેવી સંસ્થા છે. આ સંસ્થા ૧૯૮૨ થી દર વર્ષે ૨૯ એપ્રિલે આંતરરાષ્ટ્રીય ડાન્સ ડે તરીકે ઉજવે છે. બેલે નૃત્યના આદ્ય સંપાદક જીન જોર્જેસ ના જન્મદિવસની યાદમાં આ ડાન્સ ડે ઉજવાય છે. આ દિવસે સર્વશ્રેષ્ઠ ડાન્સરોની કમિટી દ્વારા નૃત્યનો પ્રચાર પ્રસાર થાય એ માટે પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે...

ગુજરાતમાં ડાન્સ એટલે ગરબા કલાસ એવી જ છાપ છે. નવરાત્રીનાં આસપાસ બિલાડીના ટોપની જેમ ઊગી નીકળતાં વર્ગો વર્ષ દરમિયાન શું કરે છે? ખાલી ડાન્સ કલાસ ચલાવવાથી, કોરિયોગ્રાફી કરવાથી સોશ્યિલ સ્ટેટસ અને સંપત્તિ મળે છે? એવાં અનેક પ્રશ્નો ડાન્સ ડેનાં અનુસંધાને ડાન્સરો - કોરિયોગ્રાફરો માટે થવા સ્વાભાવિક છે... ડાન્સને હોબી તરીકે ડેવલોપ કરવાનાં ઘણાં ફાયદા છે, ફીટનેશ માટે જરૂરી છે. માયકલ જેકશન કે પ્રભુદેવા જેવાં એક્ષપર્ટ ડાન્સરો બનાય તો લક્ષ્મીની ખનાખન પણ થઇ જાય, બાકી માત્ર ગરબા કલાસ ચલાવીને ગુજરાન ચાલે? વિચારી લેવું જરૂરી ખરૂં...

**ચૂંટલો :**

માણસો બહુ આનંદીય હોય કે ડાન્સ માટે પેશનેટ હોય યા કટિબદ્ધ હોય ત્યારે નાચે છે, નાચવાથી હોર્મોનમાં ફેરફાર થાય છે. જેનાથી માણસનો મૂડ અને માનસિકતામાં પોઝીટીવ ફેરફાર આવે છે. પણ ડાન્સમાં કરિયર કરતાં પહેલાં દસવાર વિચારવા જેવું છે.

# રણમાં પાણી વગર અને દિશાના જ્ઞાન વગર ભટકવું એટલે મોતના મુખમાં જવું ગણાય, એક રેતીનાં ઢૂવા ઉપર જઈ ઊંટ ઊભો રાખી ચારે તરફ નજર નાંખી તો તેમનાં હૃદયનાં ધબકારા વધી ગયા!

## ભૂરાબાપાનું ભૂત વાર્તા

- હર્ષદભાઇ ઉપાધ્યાય

બેસતાં શિયાળાના દિવસો હતા. દિવાળીની રજાઓ અને તહેવારોથી લોકો પરવાર્યા હતા અને નવા વર્ષના શ્રીગણેશનો આરંભ થઈ ચૂક્યો હતો. હજુ હૈયું થીજાવતી ઠંડી બેઠી ન હતી. કચ્છમાં આમ ઠંડી ઝાઝી લાગે એવું બને છે. કાળાડુંગરને અઢેલીને સોમપુર નામનું ગામ આવેલું છે. આમ તો ઘરના ખૂણાની વસ્તુની જેમ આ ગામ વિશેષ કાંઈ મહત્વનું ન લેખાય પરંતુ ભારતીય સીમાનું નજીકનું આ ગામ હોઈ લશ્કરી અવરજવર વધુ હોવાને લીધે તેને સૌ ઓળખે. સોમપુર ગામને પાદરે કહી શકાય એવું રણ શરૂ થયું હતું અને પાંચેક ગાઉ જતાં તો અફાટ પણ આવી લાગેલું હતું. અને ત્યાં ભારતની સીમા સમાપ્ત થતી હતી. બરોબર ગામની સીમમાં લશ્કરી છાવણી ઉભી હતી.

ગામના કચ્છીમાંડુઓનાં પરિવારમાં તે દી' લગ્નપ્રસંગ હતો. કાઠીયાવાડની જાન આવી હતી. લગ્ન ગામડી એટલે કસુંબા પાણી ઢોલ, ગાણાં અને ફટાણાંની તડી બોલતી હતી. રાત્રે મોડા લગ્ન લેવાયાં. થાક્યાં પાક્યાં સૌ જેને જયાં અનુકૂળ પડ્યું ત્યાં લંબાવી ઊંઘવા લાગ્યાં. જાન વિદાય બીજા દિવસે બપોર હતી. સવારનાં સૌ મોડા ઉઠવા લાગ્યાં. વરનાં ભાઈબંધો દાતણપાણી કરી ગામને પાદરે તળાવમાં નાહવા ગયા. ઠંડી હતી પરંતુ તળાવમાં નહાવાની મઝા કંઈક ઔર હોય છે. ઘેર શિરામણ થવા લાગ્યું.

કરસન અને હરદેવ વરનાં ખાસ મિત્રો હતા. સવારના થોડોક સમય કશા કામ વગરનો હોઈ ગામના રમતુજીની સાંઢણી પલાણી બંને રણમાં ચક્કર મારવા નીકળી પડ્યા, હતા! ઊંટ હંકારતાં બંનેને ફાવતું હતું અને વળી દૂર તો જવું ન હતું. અરે જવાય એમ જ ન હતું. કેમ કે સીમાડાનો વિસ્તાર હતો.

શિયાળાની બેસતી ઋતુ અને રણનો શાંત-સુંદર વિસ્તાર અને સુંદર સવારનો સમય હોઈ બંને મિત્રો મોજમાં આવી ગયા હતા. રણનુ વાહન સાંઠણી આનંદથી નૃત્ય કરતી હોય તેમ કયારેક દોડતી અને કયારેક મધુર ચાલે ચાલતી. દૂર અફાટ રણમાં ઢૂવા મનોહર લાગતા હતા. મંદ ફૂંકાતાં ટાડા પવનની મોજ માણતા બંને થોડેક દૂર, જવાંય ત્યાં સુધી જવા લલચાયા અને રણ તરફ ઊંટ ચાલવા લાગ્યું. રેતી વધુને વધુ ઊંડાણવાળી બની રહી હતી. ઢોળાવ અને નીચાણવાળા ભાગની ઉંદર ઊંટ હંકારવાની અનેરી મઝા આવતી હતી. પરંતુ દિશાના જ્ઞાન વગરના બંને ને જયારે હવે કંઈ તરફ જવું તે ન સમજાતાં સફરની ભયાનકતાનો તેમને અહેસાસ થવા લાગ્યો. રણમાં પાણી વગર અને દિશાના જ્ઞાન વગર ભટકવું એટલે મોતના મુખમાં જવું ગણાય. એક રેતીનાં ઢૂવા ઉપર જઈ ઊંટ ઊભો રાખી ચારે તરફ નજર નાંખી તો તેમનાં હૃદયનાં ધબકારા વધી ગયા! ચારે બાજુ અફાટ રણ હતું. કંઈ દિશામાંથી તેઓ આવ્યા તે પણ તેમને સૂઝતું ન હતું. ઊંટ શાંત ઊભું હતું. તેને બધી દિશામાં સરખી લાગતી હતી.

કરસન અને હરદેવ પરિસ્થિતિની ગંભીરતા ઓળખી ગયા. રણમાં ભૂલા પડ્યા હતા. ભગવાન કદાચ તેમની વહારે આવે. દૂર પાણીનું નાનું તળાવ દેખાતું હતું. બંને એ ઊંટને તે તરફ હંકારવા માંડ્યું. પરંતુ જેમ જેમ તેઓ તળાવ તરફ જવા લાગ્યા તેમ તળાવ છેટું જતુ લાગ્યું. બંનેને અચાનક ખ્યાલ આવ્યો કે તે મૃગજળ હતું. રણમાં મૃગજળ અદલ પાણી જેવું જ લાગે છે. અસંખ્ય અબોલ જીવો અને રણવાટ ભૂલેલ મુસાફરોએ પોતાના જા ગુમાવેલ છે. બંને ને તરસ પુષ્કળ લાગી હતી. કયાંક પાણીનું નામોનિશાન ન હતું. બંને ને તરથી પણ વધી બીક રણમાં ભૂલા પડવાની લાગતી હતી.

ઘણો સમય થયો છતાં કરસન અને હરદેવ પરત ના પહોંચ્યા તેથી તેમને શોધવા ગામનાં બે-ચાર જવાનો ઊંટ ઉપર પણ ખૂંદી વળ્યા હતા. રણમાં ઊંડે તેઓ જઈ શકે તેમ ન હતા. અને વણજોઈતી ઉપાધિ વહોવરા ન માંગતા તેઓ સૌ નિરાશ થઈ પરંત ગામમાં આવી પૂગ્યાં હતા. ગામમાં હાહાકાર મચ્યો હતો. લગ્નનો આનંદ શોકમાં પરિણમ્યો હતો.

આ બાજુ રણમાં તડકો ચઢતાં ધરા ધીખવા લાગી. ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. ગરમ લૂથી લમણાં શેકાતાં હતા. બંને મિત્રો રીતસર રડી પડ્યા હતા અને પ્રભને પ્રાર્થના કરવા લાગ્યા હતા.

ત્યાં અચાનક તેઓનાં ચહેરા પર ખુશી આવે એવું બન્યું હતું. દૂરથી એક ઊંટ સવાર ઝડપથી તેઓની તરફ સરકી રહ્યો હતો. રણમાં જાણએ વિરણી મળે તેમ કરસન અને હરદેવને લાગ્યું. થોડી વારે ઊંટ અને તેનો સવાર સ્પષ્ટ થતાં ગયા. પરંતુ આ શું? તેમની સાંઢણી નરકોરાં ફૂલાવી, હોઠ ફફડાવી, આંખો ફાંડી, નથણીની ચિંતા કર્યા વગર પેલા સવારથી ઊલટી દિશામાં ભાગવા લાગી. ભયંકર વેગે તે ડોક નમાવી દોડી રહી હતી. જાણે જીવ ઉપર આવી ગઈ હતી. કરસન અને હરદેવે સાંઢણી રોકવા ખૂબ પ્રયત્નો કર્યા. પરંતુ તેઓને સમજાતું ન હતું કે કેમ તેમની સાંઢણી ભાગી રહી છે. બંને પુંઠ ફેરવી જોયું તો પેલી સાંઢણી અને સવાર ખૂબ નજીક આવી પૂંગ્યા હતા. ઊંટ સફેટ હતું અને તેનો સવાર ઊજળાં બખ- સફેદ કચ્છી પહેરવેશ વાળો હતો. કાઠું મજબૂત હતું. માથે કચ્છી ફેંટો પહેર્યો હતો. સફેદ દાઢી અને મૂછો તેનાં કરડાકી ભર્યા ચહેરાને વધુ ખૂંખાર બનાવતાં હતા. હાથમાં ચાંદીનું કડકું ચળકતું હતું. બુકાની અડધી દાઢીને ઢાંકતી હતી. ગળામાં ચાંદીનું અને કાળા - લાલ કાપડાનું માદડીયું બાધેલું હતું. આંખો ઊંડી અને ફિક્કી કહી શકાય તેવી હતી. તેના પગમાં કચ્છી મોજડી એ જડતર સ્પષ્ટ જણાવી આપતાં હતા કે કો કચ્છી સવાર છે.

બંને સાંઢણી લગોલગ થઈ રહી. તે અસવારની ભાવશૂન્ય આંખોમાં અજાયબ શાંતિ ભાસતી હતી. ખામોશ તે સવારે તેના હાથમાં રહેલી સોટી કરસન અને હરદેવની સાંઢણીની પીઠ પર ફટકારી, બૂચકારો કરતાં તે સાંઢણી પંકાળી થઈ હતી. જબરજસ્ત ઝડપે દોડતી સાંઢણી હાંફતી હતી.

પેલો અજનબી સવાર એકાએક ધીરો પડ્યો, સાંઢણી થોભાવી તરત પાછી વળાવી પૂરપાટ વેગે પરત ફરી ગયો આ બંને મિત્રો કાંઈ સમજે, વિચારે તે પહેલાં તો તે સવાર રણની રેતીમાં જાણે કે ઓગળી ગયો...

બંને અચંબામાં હતા. અવાચક હતા. થોડી જ વારમાં તેઓ એક સફેદ પથ્થર જોતાં ચમક્યા. કેમ કે તે પથ્થર સીમા દર્શક હતો. બંનેને ભાન થયું કે તેઓ અજાણ્યાં સરહદ વટાવી ચૂક્યાં હતા.

તરત સામે વૃક્ષો અને ગામ આવવા લાગ્યું. સાંઢણી હજુ ગભરાયેલા જેવી દોડતી હતી. સીમા સુરક્ષાની ચોકી આવી. બે ત્રણ સિપાઈ પહેરો ભરતા હતા. તેમણે સાંઢણી રોકાવી બંનેને નીચે ઉતાર્યા. બંને સોમપુરના જ અતિથિ હોઈ વધુ પૂછપરછ ન થઈ. હરદેવે અને કરસને ધરાઈને પાણી પીધું. બેઠા અને સ્વસ્થ થઈ રહ્યા. વાતમાં ને વાતમાં હરદેવે તે જવાબનને બનેલી ઘટનાની વાત કરી. બંને જવાનોનાં ચહેરે અચરજ થયું અને તરત સાવધ થઈ ગયા. તેમને જે વાત કરી તે સાંભળતા હરદેવ તો લગભગ ગુમસુમ જ થઈ ગયો. પેલા જવાનના કહેવા પ્રમાણે -

(અનુસંધાન પાના નં. ૬ પર)

# નિંદર હમણાં આવી જશે એમ વિચારી પડખાં ફેરવતો હતો ત્યાં બહાર કંઇક અવાજ આવ્યો, તેની આંખ જરા મીંચાઇ હશે ત્યાં કોલબેલ વાગી, તે ચોંકી જાગી ગયો

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

અભિમન્યુ તે દિવસે સાંજથી કોમ્પ્યુટરની સામે બેઠો હતો. તે ઘેર એકલો હતો. તેની પત્નીને પિયર ગયે બે દિવય જ થયા હતા. બાળકો અમેરિકામાં રહે છે. શરૂઆતમાં બે કલાક તેમની સાથે ચેટીંગ કરતો હતો. તે વચ્ચે વચ્ચે કયાંક પૉપ-અપ હાય... વિગેરે...

વચ્ચે વચ્ચે એ ટી.વી. ન્યૂઝ પર નજર દોડાવી લેતો હતો. તેમાં સમાચારોની ભરમાર હતી. કોઈ રાજકીય નેતાની હત્યા થઈ ગઈ હતી. હત્યા થવી એ હવે કોઈ નવી વાત ન હતી. પણ આ વખતે એ કંઈક નવી રીતે થઈ હતી. તેથી હત્યા કરનારની સાથે સાથે તેનું કાવત્રું રચનારને પણ પોલીસ શોધી રહી હતી. પ્રજામત પણ એવો હતો કે જો કાવત્રું રચનારા પકડાઈ જાય તો આ પ્રકારની પ્રવૃત્તિઓને જડમૂળથી રોકી શકાય.

અભિમન્યુ તેની જિંદગીના બાકીના દિવસો સુખ-સુવિધામાં વિતાવવા માંગતો હતો. આ નગરમાં તેને કલ્પનાતિત ખ્યાતિ અને ઓળખ પ્રાપ્ત થઈ હતી. તેણે સમાજ પાસેથી ફકત લીધું જ નથી થોડુંક પણ આપ્યું છે. આ રીતે જીવવાનું વિચાર્યુ પણ તે માટેની ઈજાજત આ પરિવેશ આપતો નથી. પોલીસ પોતાની તાકાત લગાવી અપરાધીઓની પાછળ ભાગતી રહે છે. કોઈ એક પાર્ટી સાથે જોડાઈને રહે તો બીજું કંઈ નહીં તો મદદ તો કરે. નહીંતર કોઈ એક પાર્ટી અંગે મત વ્યક્ત કરતાં બીજી પાર્ટીનાં બ્લેક લીસ્ટમાં નામ લખાઈ જશે. અને એક પાર્ટીનું બૅલબ લાગી જશે. એ જુદી વાત છે કે સાપ અને નોળિયાની રમત રમનારા કાલે એક થઈ જાય. અભિમન્યુએ આવી વાત પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. હત્યા કરનારા તેનાં કાવત્રાં રચનારાને કાયદાની પકડમાં લાવવા જોઈએ. આવી વિચારસરણી જ માત્ર નહીં હત્યાની જંગલિયતને મીટાવવી પડશે એવી વાત તેણે કરી હતી.

આજે ઈન્ટરનેટ જોતાં એવી અનેક વાતો અભિમન્યુની મનમાં ભમતી હતી. જેનું તે સમાધાન ઈચ્છતો હતો. તેણે કોમેન્ટો જોઈ તો તેમાં એક શબનમ પટેલની પણ હતી. ફૅસબુકના મિત્રોમાં શબનમ પટેલનું સ્થાન તેના મનમાં વસી ગયું હતું. શબનમ પટેલ દ્વારા મુકવામાં આવતી તસ્વીરો, ગીતો તેને બહુ જ ગમતાં હતા.

ફ્રેન્ડશીપ રીકવેસ્ટ મોકલતાંની સાથે શબનમે એક ઈ-મેલ મોકલ્યો તેનાથી બંને વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થઈ ગયો હતો. 'હું બાળપણની તમારી કવિતાઓ વાંચુ છું. તે મારા હૃદયને સ્પર્શી જાય છે. તમારી સાથે મૈત્રી મારે માટે અણમોલ છે.' અમુક કવિતાઓ એ તેને કઈ રીતે પ્રભાવિત કરી તેનું સુંદર રીતે શબ્દોમાં વર્ણન તેણે કરેલું. 'તમારી સાથેની મૈત્રીને હું મારૂં સદ્‌ભાગ્ય સમજું છું.'

શબનમ પટેલના મેસેજ પર તેણે કલીક કર્યુ. 'રસ્તામાંથી મેસેજ મોકલી રહી છે. ગાંધીનગર એક ઈન્ટરવ્યુ આપવા જાઉં છું.' આ મેસેજ બે ત્રણ દિવસથી આવીને પડેલો હતો.

અચાનક અભિમન્યુની ફોનની રીંગ વાગી. યુ.એ.ઈ.થી લલિત વચ્ચે વચ્ચે ફોન કયારેક કરતો એ શુભેચ્છક છે. પોતાના વિચારો જબરજસ્તી બીજા પર ઠોકી બેસાડે છે. બે વખત વિચાર્યુ કે ફોન ઉપાડવો કો નહીં. છે બિચારો પણ ઘણી વખત હેરાન કરી મુકે છે. તેમ છતાં તેણે ફોન ઉપાડી લીધો.

''પેલા હત્યા કરનારામાં જે મુખ્ય હતા તે બધા પકડાઈ ગયા ને! જોયું ને હવે આપણે કહી શકીએ આપણી પોલીસ જેમ તેમ નથી.''

''બધી ચેનલો પર બ્રેકિંગ ન્યૂઝ આવી રહ્યાં છે. સર, જરા જૂઓ તો ખરાં!''

''હાં જોઉં છું.''

''એક બીજી વાત, તમે હજુ સુધી એ માટે કોઈ કોમેન્ટ કરી નથી.''

''મારે પ્રેસને જે કહેવાનું હતું તે મેં કહી દીધું છે.''

''તમે એ.સી.માં બેસી અભિપ્રાયો વ્યકત કરો છો, મેદાનમાં આવો તો ખબર પડે.''

''તારામાં હિંમત હોય તો આવી જા મોકો હું અપાવીશ.'' તેણએ કહ્યું.

''અર, તમે પણ શું?'' લલિલ હસ્યો.

''જો લલિત મારે જે કહેવાનું હતું તે મેં પહેલાં જ કહી દીધું છે માટે તમારી સાથે જે વાત કરવી છે તેનું માધ્યમ મારી રચાનાઓ છે. તેને ધ્યાનથી વાંતો. લલિત તું મારો હિતચિંતક છે તેથી એકવાત કહી દઉં છું. મારી શૈલીમાં મેં ખુલ્લુમંખુલ્લા મારા વિચારો વ્યક્ત કરી દીધા છે. જે ટી.વી. પર અને અખબારોમાં પણ આવી ગયા છે. લલિત સાથે વાત કર્યા પછી અભિમન્યુ ઓરડામાં આમતેમ આંટા મારતો હતો ત્યાં યાદ આવ્યું કે સમાચાર જોયા નથી. ''

હત્યા કરનારાઓને પકડ્યા પછીનાં દશ્યો અને તેના પરની ચર્ચા ટી.વી. ચેનલો પર ચાલતી હતી. એવું લાગતું હતું કે પોલીસને છૂટ મળ્યાથી જોશમાં આવીને કામે લાગી છે. પણ એ છૂટનો દુરપયોગ ન થાય તે પણ જોવું પડે. તેમણે શોધી કાઢેલ હત્યા કરનારા અને કાવત્રું રચનારા એ જ હોય તે અગત્યનું છે. નહીંતર સાચું હશે તેને પણ ખોટી રીતે રજૂ કરાશે. આવા વિચારો કરતાં એ સુવાની તૈયારી કરવા લાગ્યો.

તે હજુ લાઈટ બંધ કરી સુવા માટે રૂમમાં ગયો ત્યારે બહાર તિમિર છવવા લાગ્યું હતું. નિંદર હમણાં આવી જશે એમ વિચારી પડખાં ફેરવતો હતો ત્યાં બહાર કંઈક અવાજ આવ્યો. તેની આંખ જરા મીંચાઈ હશે ત્યાં કોલબેલ વાગી. તે ચોંકી જાગી ગયો. ઘરનાં મુખ્ય દરવાજા પાસે જઈ લેંસમાંથી જોયું તો કોઈ સ્ત્રી, તે ચકિત થઈ ગયો. પત્ની જલ્દી પાછી તો આવી ગઈ નથી ને? પણ એ અત્યારે તો ન જ આવે. ત્યાં ફરી બેલ વાગી. તેણે દરવાજો ખોલ્યો.

સુગંધની એક લહેરખી પવનની સાથે અંદર ધસી આવી. વાદળી રંગનો પંજાબી ડ્રેસ પહેરેલી એક સ્ત્રી, ચહેરા પર કોઈ વ્યક્ત ભાવો છતાં સ્મિત વેરતી ઉભેલી દેખાઈ. ચહેરો સુંદર અને કંઈક પરિચિત લાગ્યો. પણ કોણ છે તેનો ખ્યાલ ન આવ્યો.

''હાં આ તો ઝરણા, દિકરાની કૉલેજ ફ્રેન્ડ, પણ અત્યારે અહીંયા?''

''ઝરણાં બેટા અત્યારે તું...'' તેણે જીજ્ઞાસાવશ પૂછ્યું.

''અર, તમે ભુલ કરો છો, હું ઝરણાં નહીં, શબનમ પટેલ છું.''

આ સાંભળી તે એકદમ ચોંકી ઊઠ્યો. શબનમ... શબનમ પટેલ બરાબર.' મન ત્યારે દોડીને ફેસબુક પર પહોંચી ગયું.

''હું ગાંધીનગરથી આવું છું. આખા રસ્તે પોલીસનું ચેકીંગ આવે છે. કોઈ રાજકીય નેતાની હત્યાના શકના કારણે સંગઠનના કોઈ માણસને પોલીસે પકડી લીધો છે તેની વિરૂદ્ધમાં આ બધું... યા અલ્લાહ!'' તે જરા

(અનુસંધાન પાના નં. ૬ પર)